सत्यमेव जयते

| | તારીખ | માસ | વર્ષ |
|---|---|---|---|
| દાખલ તારીખ: | ૧૦ | ૦૩ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખ: | ૧૦ | ૦૩ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખ: | ૨૦ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૯ |

## ખેડા જિલ્લાના મહેરબાન અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં મુ.કપડવંજ.

**ક્રીમીનલ પરચુરણ અરજી નંબર: ૪૮/૨૦૨૬**

**અરજદાર:–** ૧) નયનાબેન રાજુભાઈ પટેલ
ઉ.વ.આ. ૫૮, ધંધો–ઘરકામ,
૨) કોમલબેન હીતેશભાઈ પટેલ
ઉ.વ.આ. ૨૮, ધંધો–ઘરકામ,
બંને રહે. ટીમ્બા ફળીયું, પટેલવાડો,
મુ. આંત્રોલી, તા. કપડવંજ, જિ. ખેડા.

***//વિરૂધ્ધ//***

**સામાવાળા:–** સરકારશ્રી

**બાબત: ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ ૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા માટે અરજી**

****************************************************************************

અરજદારો તરફે વિધ્વાન વકીલ શ્રી એમ. એ. શેખ
શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.આર.પટેલ

****************************************************************************

**–:: આંક–૦૧ અન્વયે હુકમ ::–**

(૧) સદર કામે અરજદારો/આરોપીઓ આંતરસુંબા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૨ ૦૪૦૦૬૨૬૦૦૪૭/૨૦૨૬થી ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૧૦૯, ૧૧૭ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના કામે અટક થવાની શકયતા હોય, ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૮૨ હેઠળ આગોતરા જામીન મેળવવા માટેની હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારો/આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી, શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રીને સાંભળ્યા તથા પોલીસ પેપર્સ અને તપાસનીશ અમલદારે રજુ કરેલ એફીડેવીટ વંચાણે લીધું.

(૩) આ કામના ફરીયાદપક્ષની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીએ પોતાના ઘર આગળ પીકઅપ ડાલુ ઉભુ રાખી લાકડા ઉતારતા હોય તેવામા આરોપી નં. ૧ નાએ આવીને ફરીયાદીને ગમેતેમ ગાળો બોલી કહેવા લાગેલ કે કેમ રસ્તામાં ડાલુ ઉભુ રાખેલ છે ? જેથી ફરીયાદીએ જણાવેલ કે ડાલુ રસ્તાની સાઈડમા છે અને લાકડા ઉતારીને ડાલુ ખસેડી લઈશું તેમ કહેવા જતા આ કામના આરોપીઓએ ફરીયાદીને ગડદા પાટુનો માર મારવા ફરી વળેલા. તેવામા આરોપી નં. ૨થી ૬નાઓ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી મારી નાંખવાના ઈરાદે ફરીયાદીના સાહેદ લક્ષ્મીબેનને આરોપી નં. ૨નાએ માથાના ભાગે ધારીયું મારી મોત નિપજાવવાના ઈરાદે જીવલેણ હુમલો કરી લોહી કાઢી ગંભીર ઈજા કરી આરોપી નં. ૩ નાઓએ ફરીયાદીને કપાળના ભાગે તેમજ બરડાના ભાગે તેમજ ડાબા હાથે આંગળીઓ ઉપર લાકડી મારી ફ્રેકચર કરી તેમજ આરોપી નં. ૪ નાઓએ ફરીયાદીને બરડાના ભાગે લાકડી મારી ઈજા કરી તેમજ આરોપી નં. ૫–૬નાઓએ ફરીયાદી તથા ફરીયાદીના સાહેદને ગમેતેમ ગાળો બોલી ગડદાપાટુનો માર મારી તમામ આરોપીઓએ ફરીયાદી તથા ફરીયાદીના સાહેદને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરવામા એકબીજાની મદદગારી કરી હાલ ચાલતા

મહે. જીલ્લા મેજી. સાહેબશ્રી ખેડા નડીઆદના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ છે. જે મતલબની આંતરસુંબા પોલીસ સ્ટેશનમા ફરીયાદ નોંધવામા આવેલી.

(૪) અરજદારો/આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલોમા મુખ્યત્વે અરજીની હકીકતોને દોહરાવેલ છે અને એવી રજુઆત કરેલી છે કે, અરજદારો/આરોપીઓ તદન નિર્દોષ છે. અરજદારો/આરોપીઓએ આવો કોઈ ગુનો કરેલ નથી કે કોઈ ગુનો કરે તેવા નથી. અરજદારો સ્ત્રી વર્ગના બાઈ માણસો છે. અરજદારોએ કોઈને કોઈ ગડદાપાટુનો માર મારેલ નથી તેમજ આ કામના ઈજા પામનાર સાહેદને સારવાર આપી હોસ્પી. માંથી ડીસ્ચાર્જ કરવામા આવેલ છે. અરજદારો સદર ગુના બાબતે તદન અજાણ અને બેકસુર છે. ફરીયાદીએ અગાઉ ચાલતી જમીનની તકરારના કારણે રીસ રાખી અરજદારોને સદર ગુનામા સંડોવી દીધેલ છે. અરજદારોએ ફરીયાદી સાથે કે કોઈ સાથે ઝઘડો કે તકરાર કરેલ નથી. અરજદાર નં. (૨) ને બે નાના બાળકો છે જેઓની હાલમા પરીક્ષા ચાલતી હોય તેના શિક્ષણ અને દેખરેખની જવાબદારી અરજદારોના શિરે છે. અરજદારો કોઈ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી. વધુમાં અરજદારો/આરોપીઓ સ્થાનીક રહેવાસી છે તેમજ કયાંય નાસી ભાગી જાય તેમ નથી તથા વધુમાં નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની અરજદારો/આરોપીઓ ખાત્રી આપતા હોય અરજદારો/ આરોપીઓની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલી છે.

(૫) શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, અરજદારો/ આરોપીઓ વિરૂધ્ધ આંતરસુંબા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૪૦૦૬૨૬૦ ०४७/२०२६थी ભારતીય ન્યાય સંહીતાની કલમ–૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧ (૩), ૧૯૦, ૧૦૯, ૧૧૭ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ છે. આ કામના અરજદારો/આરોપીઓ તથા સહઆરોપીઓએ ગેરકાયદેસર

મંડળી રચી ગુનો કરેલ છે. અરજદારો/આરોપીઓએ ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદ ને ગડદાપાટુનો માર મારી ઈજાઓ પહોંચાડી ફરીયાદી સાહેદોને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલ છે. સદર ગુનાની તપાસ હાલ ચાલુ છે. ઈજા પામનાર લક્ષ્મીબેન હાલ હોસ્પી.મા સારવાર હેઠળ છે. જેથી હાલના અરજદારોને જામીન ઉપર મુકત કરવામા આવે તો પુરાવા સાથે ચેડા થવાની શકયતાને નકારી શકાય નહી. અરજદાર/આરોપી નં. (૧) ગુનાહીત ઈતિહાસ ધરાવે છે. વધુમાં વિધ્વાન એ. પી. પી. શ્રીએ તપાસ કરનાર અમલદારે જે સોગંદનામું રજુ કરેલ છે તે ધ્યાને લઈ અરજદારો/આરોપીઓની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૬) બંને પક્ષની રજુઆતો, જામીન અરજીની હકીકત, રજુ થયેલ તમામ પોલીસ પેપર્સ, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વગેરે ધ્યાને લીધા. અરજદારો/આરોપીઓ ઉપર આંતરસુંબા પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નં. ૧૧૨૦૪૦૦૬૨૬૦૦૪૭/૨૦૨૬થી ભારતીય ન્યાય સંહીતાની કલમ – ૧૮૯(૨), ૧૯૧(૨), ૧૯૧(૩), ૧૯૦, ૧૦૯, ૧૧૭ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ જેવા ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે. રજુ થયેલ પેપર્સ વંચાણે લેતા સદર ગુનાના કામે અરજદારો/આરોપીઓ તથા સહ–આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી ગુનો કરેલ હોવાનો આક્ષેપ છે. સદર ગુનાની તપાસ હાલ ચાલુ છે. ઈજા પામનાર સાહેદ લક્ષ્મીબેન હાલમા હોસ્પીટલમા સારવાર હેઠળ છે. સદર ગુનાની ઉંડાણપૂર્વકની તપાસ થવી જરૂરી હોય, અરજદારો/આરોપીઓના કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન સિવાય થઈ શકે તેમ ન હોય આવા પ્રકારના ગુનામા અરજદારો/આરોપીઓને હાલના તબકકે આગોતરા જામીન ઉપર મુકત કરવા યોગ્ય અને વ્યાજબી જણાતુ નથી. આમ અરજદારો/આરોપીઓ વિરૂધ્ધ સદર ગુનામા આક્ષેપો અને અન્ય તમામ સંજોગો ધ્યાને લેતાં અરજદારો/આરોપીઓની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ ૪૮૨ના પરીક્ષેપમા આવતી ન હોય અદાલતને પ્રાપ્ત કલમ–૪૮૨ની મનસુફીની સત્તાનો ઉપયોગ કરી અરજદારો/

આરોપીઓને આગોતરા જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતું ન હોય, જેથી ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

અરજદારો/આરોપીઓની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ–૪૮૨ અન્વયેની ક્રીમીનલ પરચુરણ અરજી નં. ૪૮/૨૦૨૬ **<u>નામંજૂર</u>** કરવામાં આવે છે.

– આ હુકમની યાદી સંબંધિત પોલીસ સ્ટેશન તથા સંબંધિત અદાલતને મોકલી આપવી.

હુકમ આજરોજ તા. ૨૦, માહે માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૨૦/૦૩/૨૦૨૬
કપડવંજ

**(કમલેશકુમાર સોમાભાઈ પટેલ)**
અધિક સત્ર ન્યાયાધીશ,
કપડવંજ (ખેડા)
(જીજે૦૦૫૩૨)

NMJ